| | | | | | |
|---|---|---|---|---|---|
| GJVD010015632025 | सत्यमेव जयते | દાખલ તારીખ | ૨૮/૦૨/૨૦૨૫ | | |
| | | રજીસ્ટરે લીધા તારીખ | ૨૮/૦૨/૨૦૨૫ | | |
| | | ફેંસલ તારીખ | ૧૩/૦૮/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૧ | ૦૫ | ૧૬ |

**મે. વડોદરાના ૬ઠ્ઠા એડીશ્નલ સેસન્સ જજ ( શ્રી એમ. એ. ટેલર )**
**સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા**

**ક્રિમીનલ અપીલ નં. ૨૬૨/૨૦૨૫**
**આંક – ૧૨**

**અરજદાર :** (મુળ આરોપી) — **કમલેશકુમાર શાંતીલાલ પટવા**
**ઉ.વ. આ.૫૭ ધંધો : નોકરી,**
**રહે. જૈન દેરાસર નજીક,**
**વાણીચાવાડ,છાણી,વડોદરા.**

**વિ રૂ ધ્ધ..**

**સામાવાળા :** (મુળ ફરિયાદી) — **(૧) રાજેશકુમાર ગોવિંદલાલ મોદી**
**રહે. ડી/૩, ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી,**
**કૈલાસપતિ મહાદેવ નજીક, છાણી જકાતનાકા,**
**વડોદરા.**
**(૨) ધી સ્ટેટ ઓફ ગુજરાત**

==========================================

| | | |
|---|---|---|
| **અરજદાર તરફે વિધ્વાન વકિલશ્રી** | : | **પી. આર. કુલવાણી** |
| **સામાવાળા નં.૧ તરફે વિધ્વાન વકિલશ્રી** | : | **એમ. આર. પ્રજાપતિ** |
| **સામાવાળા નં.૨ તરફે એ.જી.પી.શ્રી** | : | **બી. એસ. પુરોહીત** |

==========================================

**બાબતઃ– ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૭૪ મુજબ સજાના હુકમ સામેની અપીલ**

**:: J U D G M E N T ::**

(૧) હાલની અપીલ અરજદાર/આરોપી વડોદરાના ૧૮મા એડીશ્નલ

ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના ફોજદારી કેસ નં.૩૬૦૬૯/૨૦૨૩થી ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે આરોપીને તકસીવાન ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને ચેકની રકમ રૂ.૫૦,૦૦૦ (અંકે પચાસ હજાર પુરા) વળતર પેટે હુકમની તારીખથી ૬૦ દીવસમા ચુકવી આપવી, જો આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા કરવામાં આવે છે, તે હુકમથી નારાજ થઇ આરોપીએ હાલની અપીલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૭૪ અન્વયે દાખલ કરેલ છે.

(૨) અરજદારની હાલની અપીલની વિગત ટૂંકમાં એવી છે કે, આ કામના મુળ ફરિયાદીએ અરજદાર/આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ નોંધવતા, જે અન્વયે અરજદાર/આરોપી હાજર થતાં આરોપી વિરુધ્ધ પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદથી આરોપી ઉલટ તપાસ, એફ. એસ. કે દલીલ માટે હાજર નહી રહેતા તેઓના તમામ હકક બંધ કરવામાં આવેલ. ત્યારબાદમાં રેકર્ડ ધ્યાને લઇ વિધ્વાન ટ્રાયલ કોર્ટ ધ્વારા આંક–૨૧ વાળો આખરી હુકમ કરી આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ, આથી સદર હુકમથી નારાજ થઈ અરજદારે ક્રિ.પ્રોડ કોડની કલમ–૩૭૪ હેઠળ હાલની ક્રિમીનલ અપીલ તા.૨૮/૦૨/૨૦૨૫ના રોજ કરેલ છે, જે નિયત સમય મર્યાદામાં કરેલ છે.

(૩) ઉપરોકત અપીલ અપીલ રજીસ્ટરે લીધા બાદ સામાવાળાને નોટીસ ઇસ્યુ કરતા સામાવાળા નં.૧ તેમના વિ. વ. શ્રી એમ.

આર. પ્રજાપતિ મારફતે તેમજ સામાવાળા નં. ૨ તરફે એ.જી.પી.શ્રી બી. એસ. પુરોહીતએ રીપ્રેઝન્ટ કરેલ છે.

(૪) અરજદાર દ્બારા હાલની અપીલ સાથે ક્રિ.પ્રો. કોડની કલમ–૩૮૯ અન્વયે અપીલના આખરી નિકાલ સુધી સજાનો હુકમ મોકુફ રાખવા આંક–૪થી અરજી કરેલ છે. જે અરજી હેઠળ તા.૨૮/૦૨/૨૦૨૫ના રોજ એપેલેન્ટને રૂ.૧૫,૦૦૦/–ના જામીન તથા વળતરની રકમના ૨૦% રકમ જમા કરાવ્યેથી જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૫) અરજદારની અપીલના નિર્ણય સારૂ ક્રિમીનલ કેસ નં.૩૬૦૬૯/૨૦૨૩નું રેકર્ડ તથા પ્રોસીડીંગ વિદ્બાન ટ્રાયલ કોર્ટ તરફથી જરૂરી જણાતુ હોવાથી મંગાવેલ છે.

(૬) આ કામે અરજદાર/આરોપી તરફે તેમના વિધ્વાન વકિલશ્રી નાઓ દલીલ કરતા જણાવેલ છે કે, ટ્રાયલ કોર્ટમાં ફરિયાદીની ઉલટ તપાસ કરવામા આવી નથી કે એફ.એસ. પણ લેવામાં આવેલ નથી આરોપીને બચાવની કોઇ તક આપેલ નથી અને એકતરફી કેસ ચલાવી સજાનો હુકમ કરેલ હોય, જેથી આરોપીને બચાવની તક આપી અપીલ રીમાન્ડ કરવા રજૂઆત કરેલ છે.

(૭) સામાવાળા નં.૧ તરફે મુળ ફરિયાદીના વિધ્વાન વકિલશ્રી નાઓએ તેમની દલીલમાં ટ્રાયલ કોર્ટના ચુકાદાને સમર્થન આપેલ છે તેમજ વિધ્વાન ટ્રાયલ કોર્ટ દ્બારા પુરાવાનું યોગ્ય રીતે મુલ્યાકંન કરીને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ અને કાયદાનું યોગ્ય અર્થઘટન કરીને ચુકાદો આપેલાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે ફરિયાદીએ આરોપીને લેણી રકમ આપેલ

છે. જે આંક–૯ થી આંક–૧૫ના દસ્તાવેજોથી પુરવાર થાય છે. ફરિયાદીએ આંક–જથી જુબાની આપેલ છે. પરંતુ આરોપી તેની ઉલટ તપાસ કરવા માટે આવેલ ન હોવાથી તેમની ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે, ત્યારબાદ આરોપી વિશષ નિવેદન માટે ન આવતા એફ.એસ.નો તથા દલીલનો હકક પણ બંધ કરવામાં આવેલ છે. વધુમા આરોપી ફરિયાદપક્ષના કેસમાં કોઈ શંકા ઉપસ્થિત કરી શકેલ ન હોય કે કલમ–૧૩૯ કે ૧૧૮ નું પ્રીઝમશન રીબટ કરી શકેલા ન હોય, તે તમામ સંજોગોમાં વિધ્વાન ટ્રાયલ કોર્ટનો ચુકાદો ભુલ વગરનો તમજ કાયદા મુજબનો હોય આરોપીની અપીલ રદ કરી સદર ચુકાદો કાયમ રાખવો જોઈએ.

(૭.૧) સામાવાળા નં. ૨ તરફે એ.જી.પી.શ્રી બી. એસ. પુરોહીતની દલીલ મુજબ પણ વિધ્વાન ટ્રાયલ કોર્ટનો ચુકાદો યોગ્ય તેમજ કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંતો મુજબનો કાયદેસરનો હોય, અપીલ રદ કરવા અરજ કરેલ છે.

(૮) બન્ને પક્ષોની દલીલો ધ્યાને લીધા બાદ તેમજ આ કામનું રેકર્ડ વિગેરે વંચાણે લેતાં હાલની ફોજદારી અપીલના નિર્ણય સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

:– <u>**મુ દ્દા ઓ :–**</u>

૧. શું વડોદરાની ટ્રાયલ કોર્ટ એટલે કે ૧૮મા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના ફોજદારી કેસ નં.૩૬૦૬૯/૨૦૨૩થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે આરોપીને તકસીવાન ઠરાવી ૧(એક)

વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને ચેકની રકમ રૂ.૫૦,૦૦૦ (અંકે પચાસ હજાર પુરા) વળતર પેટે હુકમની તારીખથી ૬૦ દીવસમા ચુકવી આપવી, જો આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ તા.૨૯/૦૧/૨૫ના રોજ કરેલ છે તે હુકમ કરવામાં વિદ્વાન ટ્રાયલ કોર્ટે હસ્તક્ષેપને પાત્ર હોય તેવી કોઇ ગેરકાયદેસરતા કે અનિયમીતતા દાખવેલ છે ?

**૨.** શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**<u>:- કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નં.૧:</u>**

**(૧૦)** ફરિયાદપક્ષના કેસની હકિકત એવી છે કે, ફરિયાદી આરોપી સાથે ટ્રેડીંગનો ધંધો કરતા હોય તેમજ ફરિયાદી આરોપીના મિત્ર થાય છે. આરોપીએ ફરિયાદીને જણાવેલ કે આરોપીને ધંધાના કામ માટે રૂ.૧,૫૦,૦૦૦/-ની જરૂરિયાત છે. જેથી ફરિયાદીએ મિત્રતાના નાતે આરોપીને સન-૨૦૧૫માં ઉછીના રૂ.૧,૫૦,૦૦૦/-રોકડા આપેલ અને આરોપીએ ફરિયાદીને કહેલ કે આ રૂપિયા હું જલ્દીમાં પરત કરી દઈશ. ત્યારબાદ ફરિયાદીએ પોતાની કાયદેસરની લેણીની માંગણી કરતા આરોપીએ ફરિયાદીને રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા)

આપી બાકી નીકળતી લેણીની રકમ રૂપિયા ૧,૦૦,૦૦૦/- થોડા સમયમાં પરત કરી દઈશ તેવો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલ. ત્યારબાદ છ વર્ષો વીતી ગયા સન-૨૦૨૧ જાન્યુઆરીમાં ફરિયાદીની કાયદેસરની નીકળતી લેણી રકમ બાબતે જણાવતા આરોપીએ ફરિયાદી સાથે અશોભનીય વર્તન કરી ધાક ધમકી આપેલ હતી જે અંગે ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ તા.૨૧/૦૧/૨૦૨૧ના રોજ છાણી પોલીસ મથકમાં અરજી આપેલ તે અરજીના અનુંશાનધાને ફરિયાદી અને આરોપી વચ્ચે સમાધાન થયેલ હતું જે સમાધાનમાં આરોપીએ જણાવેલ કે, ફરિયાદીના નાણા જલ્દી પરત કરી દઈશું અને સમાધાન પેટે આરોપીએ "શ્રી છાણી નાગરિક સહકારી બેંક લીમીટેડ" છાણી શાખા ખાતા નંબર "૯૯૯૯૧૦૦૧૦૧૫૯૬૦"નો ચેક રૂ.૫૦,૦૦૦/- જેનો ચેક નંબર "૦૦૦૧૧૧" છે તથા તે ચેકની તા.૦૬/૧૦/૨૦૨૩ છે તથા આરોપીની ધર્મપત્ની નીરૂબેન કમલેશભાઈ પટવા નાઓએ આરોપીની લેણી અંગેની નૈતિક જવાબદારી સ્વીકારી ફરિયાદીને રૂ.૫૦,૦૦૦/-નો "શ્રી છાણી નાગરિક સહકારી બેંક લીમીટેડ" છાણી શાખા ખાતા નંબર "૯૯૯૯૧૦૦૧૦૦૬૯૦૨"નો ચેક આપેલ હતો જેનો ચેક નંબર "૩૮૩૪૭૪" છે તથા તે ચેકની તા.૦૬/૧૦/૨૦૨૩ છે. આ બંન્ને ચેક આપતી વખતે આરોપી તથા આરોપીના પત્નીએ ફરિયાદીને એવો પાકો ભરોષો અને વિશ્વાસ આપેલ કે તમો જો પાકતી મુદતે ફરિયાદી ચેક બેંકમાં જમા કરાવશો તો ફરિયાદીને નાણાં પરત મળી જશે. તે પૈકી આરોપીએ આપેલ ચેક જે "શ્રી છાણી નાગરિક સહકારી બેંક લીમીટેડ" છાણી શાખા ખાતા નંબર "૯૯૯૯૧૦૦૧૦૧૫૯૬૦"નો ચેક રૂ.૫૦,૦૦૦/- જેનો ચેક નંબર "૦૦૦૧૧૧" છે તથા તે ચેકની તા.૦૬/૧૦/૨૦૨૩ છે જે અમો ફરિયાદીએ તા.૦૬/૧૦/૨૩ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, અભિલાષા ચોકડી, સમા રોડ શાખામાં જમા કરાવતા તે ચેક તારીખ : ૦૭/૧૦/૨૦૨૩ ના રોજ **"ફંડ ઈનસફીસીયન્ટ"** ના શેરા સાથે પરત ફરેલ હતો. ચેક પરત આવ્યા અંગેની જાણ ફરિયાદીએ આરોપીને કરતા

આરોપી ગલ્લા- તલ્લા કરી ફરિયાદીને ગોળ-ગોળ ફેરવવાનો પ્રયાસ કરી અને ઉડાઉ જવાબ આપી રહ્યા છે. ફરિયાદીએ આરોપીને તારીખ:૦૭/૦૬/૨૦૨૩ ના રોજ તેઓના વકીલશ્રી મારફતે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી સદરહું ચેકની ડીમાન્ડ નોટીશ મોકલાવી લેણી રકમ દીન-૧૫માં ચુકતે કરવા જણાવેલ પરંતુ તે નોટીસ આરોપીને તા.૨૭/૧૦/૨૩ના રોજ બજી ગયેલ હોવા છતા આરોપીએ ફરિયાદીની લેણી રકમ સમયમર્યાદામાં ચુકવી આપેલ નથી. આરોપીએ ફરિયાદીના કાયદેસરના લેણાની રકમ ચુકવી ન આપી આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સટુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ છે, જેથી હાલની આ ફરિયાદ નામદાર કોર્ટ સમક્ષ ગુજારવાની ફરજ પડેલ છે.

**<u>મુળ ફરીયાદી તર્ફે ટ્રાયલ કોર્ટમાં રજુ થયેલ પુરાવાઃ-</u>**

**<u>-:: મૌખિક પુરાવા ::-</u>**

| અનુ. નં. | નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી રાજેશકુમાર ગોવીંદભાઇ મોદીની સોગંદ ઉપરની જુબાની | ૪ |

**<u>-:: દસ્તાવેજી પુરાવા ::-</u>**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સદર કામના આરોપી પર ફરિયાદી દ્વારા થયેલ છાણી પોલીસ સ્ટેશનમાં થયેલ અરજી તેમજ સમાધાનની ઝેરોક્ષ નકલ | ૯ |
| ૨ | આરોપી દ્વારા ફરિયાદીને આપેલ અસલ ચેક | ૧૦ |
| ૩ | ચેક પરત ફર્યા અંગેનો બેંકનો રીર્ટન મેમો | ૧૧ |
| ૪ | આરોપીએ ફરિયાદી દ્વારા આપેલ નોટીસની ઝેરોક્ષ નકલ | ૧૨ |
| ૫ | પોસ્ટ ઓફીસ ખાતાની સફેદ પાવતી | ૧૩ |
| ૬ | નોટીસ આરોપીને બજી ગયેલ અંગેનો પોસ્ટ ઓફીસનો ટ્રેક રીપોર્ટની નકલ | ૧૪ |
| ૭ | ફરિયાદીની પત્ની દ્વારા આરોપીને આપેલ ચેકની | ૧૫ |

| | | |
|---|---|---|
| | ઝેરોક્ષ કોપી | |

**(૧૦.૧)** આરોપી તર્ફે કોઈ મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.

**(૧૧)** ફરિયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે જે મૌખિક પુરાવા રજુ કરેલ છે તે તમામ પુરાવા વંચાણે લીધેલ છે તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધેલ છે તથા નામ. ટ્રાયલ કોર્ટનો ચુકાદો વંચાણે લીધેલ છે જે હાલના રેકર્ડમાં ઉપલબ્ધ હોય પુનરાવર્તન ટાળવા ઉલ્લેખ કરેલ નથી પરંતુ હવે પછી યથા–યોગ્ય સ્થાને જરૂર મુજબ પુરાવા તથા દલીલોનો ઉલ્લેખ કરેલ છે. હાલની અપીલના નિર્ણય માટે અત્રેની કોર્ટે પક્ષકારોની રજુઆતો, અપીલ મેમો ધ્યાને લેવા ઉપરાંત ટ્રાયલ કોર્ટમાં રજુ થયેલ પુરાવાનુ પુન:મુલ્યાંકન કરવા પણ હકુમત છે અને તે સંજોગોમાં હકીકત અને કાયદા બંનેના મુદ્દે અપીલ કોર્ટ પુરાવાનુ તથા હકીકતોનુ મુલ્યાંકન ફરીથી કરી શકે છે, આ સંજોગોમાં તે રીતે હાલના અરજદારની અપીલનો નિર્ણય કરવા માટે પુરાવાનુ મુલ્યાંકન કરી નિર્ણય કરવાનો રહે છે. આ કામે ચેક તેના વેલીડીટી સમયમાં રજુ થયા અંગે, ત્યારબાદ નિયત સમયમાં ડીમાન્ડ નોટીસ મોકલ્યા અંગે અને ફરિયાદ કરવા કારણ ઉત્પન્ન થયાથી નિયત સમયમાં ફરિયાદ દાખલ કર્યા અંગે કોઇ તકરાર નથી.

**(૧૨)** પક્ષકારો તર્ફે વિધ્વાન વકિલશ્રી ઓને સાંભળ્યા, કેસનું રેકર્ડ ધ્યાને લીધું, વિવાદીત વડોદરાના ૧૮માં અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં ખાનગી ફોજદારી કેસ નં.૩૬૦૬૯/૨૦૨૩ના કામે તા.૨૯/૦૧/૨૦૨૫ના રોજનો ચુકાદો વંચાણે લીધો. પક્ષકારો તરફે કરેલ મૌખિક દલીલો ધ્યાને લીધી.

**(૧૨.૧)** આ કામે ટ્રાયલ કોર્ટમાં ફરિયાદી તર્ફે ફરિયાદીએ સોગંદપર

આંક–૪થી જુબાની આપેલ છે. ફરિયાદીએ મુખ્યત્વે ફરિયાદ હકિકત મુજબની સરતપાસ રજુ કરેલ છે. આરોપી કે તેમના વિધ્વાન વકિલશ્રી ટ્રાયલ કોર્ટમા ફરિયાદીની ઉલટ તપાસમાં માટે હાજર નહી રહેતા આરોપીનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી કે તેમના વિધ્વાન વકિલશ્રી હાજર નહી રહેતા એફ.એસ. તથા દલીલનો હકક પણ બંધ કરવામાં આવેલ છે.

**(૧૩)** હાલના કામે મુખ્યત્વે આરોપીએ ટ્રાયલ કોર્ટ દ્વારા કસૂરવાર ઠરાવી સજા તથા દંડનો હુકમ કરેલ છે તે હુકમની વિરુદ્ધ હાલની અપીલ દાખલ કરેલ છે. હાલના કામે રેકર્ડ તથા ઉપરોક્ત હકિકત ધ્યાને લેતા, તકરારી ચેક આરોપીના ખાતાનો હોવા અંગે તથા આરોપીની સહી હોવા અંગે મુખ્યત્વે કોઈ તકરાર નથી. વધુમાં મુળ ફરિયાદીએ આરોપીનો ચેક પરત ફર્યા બાદ નોટીસ આપેલ છે જે નોટીસનો આરોપી દ્વારા કોઇ જવાબ આપવામાં આવેલ નથી. સદરહુ હકિકતો ધ્યાને લેતાં, ફરિયાદ વાળો ચેક આરોપીના ખાતાનો હોવાનુ તથા બેંકમાં નિયત સમય મર્યાદામાં રજુ થતાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલાનુ તેમજ ત્યારબાદ નિયત સમય મર્યાદામાં આરોપીને નોટીશ બજાવેલાનુ તથા આરોપીને નોટીશ બજવા છતાં ચેકની રકમ ભરપાઈ કરી આપેલ ન હોવાનું સ્પષ્ટ પુરવાર થયેલ છે, તેથી તે સંદર્ભે વધુ કોઈ ચર્ચા કરવી જરૂરી ન હોય તે સંદર્ભે પક્ષકારોની દલીલનો પણ ઉલ્લેખ કરેલ નથી.

**(૧૩.૧)** આમ, આરોપી જયારે અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબ પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે, તેવુ માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય, તેવો પુરાવો આરોપી પક્ષે રજૂ કરવો જોઇએ. ભય, લાલચ કે ધાક ધમકીથી ચેક આપેલાનુ પુરવાર કરવામાં ન આવેલ હોય અને ચેક ચોરી થયેલાનું પુરવાર કરવામાં આવેલ ન હોય ત્યારે કલમ–૧૩૯નું અનુમાન રીબર્ટ થતુ નથી.

**(૧૪)** સદરહુ અનુમાનના અનુસંધાને કાયદેસરના લેણાં, નાણાંનો સ્ત્રોત, કલમ–૧૧૮, ૧૩૯ મુજબનુ અનુમાન તથા પુરાવાના બોજાના અનુસંધાને નામદાર સર્વોચ્ચ અદાલતના **બીરસીંગ વિ. મુકેશકુમાર (૨૦૧૯) ૧૦૬ એ.સી.સી. ૯૨૩**નો ચુકાદો માનસહ ધ્યાને લેવો જરૂરી છે જે ચુકાદાના જરૂરી અંશ નીચે મુજબ છે.

> ***21.*** *In passing the impugned judgment and order dated 21-11- 2017, the High Court mis-construed Section 139 of Negotiable Instruments Act, which mandates that unless the contrary is proved, it is to be presumed that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138, for the discharge, in whole or in part, of any debt or other liability. Needless to mention that the presumption contemplated under Section 139 of the Negotiable Instruments Act, is a rebuttable presumption.* ***However, the onus of proving that the cheque was not in discharge of any debt or other liability is on the accused drawer of the cheque.***
>
> ***22.*** *In* ***Hiten P. Dalal vs. Bratindranath Banerjee****, this Court held that both Section 138 and 139 require that the Court shall presume the liability of the drawer of the cheques for the amounts for which the*

*cheques are drawn. Following the judgment of this Court in State of Madras vs. Vaidyanatha Iyer4, this Court held 2 (2008) 14 SCC 457 3 (2001) 6 SCC 16 4 AIR 1958 SC 61 that it was obligatory on the Court to raise this presumption.*

***23.*** *Section 139 introduces an exception to the general rule as to the burden of proof and shifts the onus on the accused. The presumption under Section 139 of the Negotiable Instruments Act is a presumption of law, as distinguished from presumption of facts. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, which requires the prosecution to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law and presumptions of fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non- existence of the presumed fact as held in Hiten P. Dalal (supra).*

***24.*** *Presumption of innocence is undoubtedly a human right as contended on behalf of the*

*respondent-accused, relying on the judgments of this Court in Ranjitsing Brahmajeetsing Sharma vs. State of Maharashtra and Anr5 and Rajesh Ranjan Yada @ Pappu Yadav vs. CBI through its Director 6. However the guilt may be established by recourse to presumptions in law and presumptions in facts, as observed above.*

***25.*** *In* ***Laxmi Dyechem vs. State of Gujarat & Ors****. , this Court reiterated that in view of Section 139, it has to be presumed that a cheque was issued in discharge of a debt or other liability but the presumption could be rebutted by adducing evidence. The burden of proof was however on the person who wanted to rebut the presumption. This Court held "however, this presumption coupled with the object of Chapter XVII of the Act leads to the conclusion that by* ***countermanding payment of a post dated cheque, a party should not be allowed to get away from the penal provision of Section 138 of the Act".***

***26.*** *In* ***Kumar Exports vs. Sharma Carpets****, this Court reiterated that there is a*

*presumption that every negotiable instrument duly executed, is for discharge of a debt or liability, but the presumption is rebuttable by proving the contrary. In the facts and circumstances of the case it was found that the cheque in question was towards advance for purchase of carpets, which were in fact not sold by the payee of the cheque to the drawer, as proved from the deposition of an official of the Sales Tax Department, who stated that the payee had admitted that he had not sold the carp cross ets.*

***27.** In **K.N. Beena vs. Muniyappan and Another**, this Court held that in view of the provisions of Section 139 of the Negotiable Instruments Act read with Section 118 thereof, the Court had to presume that the cheque had been issued for discharging a debt or liability. The said presumption was rebuttable and could be rebutted by the accused by proving the contrary. **But mere denial or rebuttal by the accused was not enough. The accused had to prove by cogent evidence that there was no debt or liability.** This Court clearly held that the High Court had erroneously set aside the conviction, by*

*proceeding on the basis that denials/averments in the reply of the accused were sufficient to shift the burden of proof on the complainant to prove that the cheque had been issued for discharge of a debt or a liability. This was an entirely erroneous approach. The accused had to prove in the trial by leading cogent evidence that there was no debt or liability.*

***37.*** *A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular,* ***Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to re cross but the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.***

***40. Even a blank cheque leaf, voluntarily***

***signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt.***

***41.*** *The fact that the appellant-complainant might have been an Income Tax practitioner conversant with knowledge of law does not make any difference to the law relating to the dishonour of a cheque.* ***The fact that the loan may not have been advanced by a cheque or demand draft or a receipt might not have been obtained would make no difference.*** *In this context, it would, perhaps, not be out of context to note that the fact that the respondent-accused should have given or signed blank cheque to the appellant-complainant, as claimed by the respondent-accused, shows that initially there was mutual trust and faith between them.*

***42.*** *In the absence of any finding that the cheque in question was not signed by the respondent-accused or not voluntarily made*

*over to the payee and in the absence of any evidence with regard to the circumstances in which a blank signed cheque had been given to the appellant-complainant, it may reasonably be presumed that the cheque was filled in by the appellant-complainant being the payee in the presence of the respondent-accused being the drawer, at his request and/or with his acquiescence. The subsequent filling in of an unfilled signed cheque is not an alteration. There was no change in the amount of the cheque, its date or the name of the payee. The High Court ought not to have acquitted the respondent-accused of the charge under Section 138 of the Negotiable Instruments Act.*

**(૧૫)** ઉપરોક્ત ચુકાદાને માનસહ ધ્યાને લેતાં, સદરહુ ચુકાદામાં ફરિયાદી તરફે અનુમાનના અનુસંધાને જે દલીલ રજુ કરેલ છે તે ધ્યાને લેતાં સદરહુ ચુકાદામાં અગાઉના નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓનો ઉલ્લેખ કરી કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબનું ફરિયાદીની તરફેણમાં જે અનુમાન થવા પાત્ર છે તેમાં ચેક કાયદેસરની લેણાંની ચુકવણી પેટે આપેલ હોવાનું અનુમાન કરવા પાત્ર હોવાનું ઠરાવેલ છે અને માત્ર કોઈ હકિકતનો ઈન્કાર કરવાથી કે માત્ર શંકા દર્શાવવાથી અનુમાનનું ખંડન થતુ હોવાનું માની શકાય નહી તેમ ઠરાવેલ છે તેમજ સદરહુ અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપીની હોય આરોપીએ તકરારી ચેક કાયદેસરના લેણાંની ચુકવણી પેટે આપેલ નથી તેવુ દર્શાવવા માટે પુરાવા રજુ કરી અગર તો ફરિયાદી તરફે રજુ થયેલ

પુરાવાનો આધાર લઈ સંભવિત શક્યતાઓ દર્શાવવાની રહે છે કે જે શક્યતાઓ સામાન્ય સમજની વ્યક્તિ સંભવિત હોવાનું સ્વીકારી શકે અને માત્ર ઈન્કાર કરી દેવો કે શંકા દર્શાવવી તે પર્યાપ્ત ન હોવાનું ઠરાવેલ છે. વધુમાં સદરહુ ચુકાદાના પેરા–૪૦માં માત્ર સહી કરેલો કોરો ચેક સ્વૈચ્છાએ આપેલ હોય તો તેવા સંજોગોમાં પણ કલમ–૧૩૯ અન્વયેનુ અનુમાન થવા પાત્ર છે અને આ કામે આરોપીએ ફરિયાદી પાસેથી મીત્રતાના સંબંધે નાણા ઉછીના લીધેલા અને નાણાની પરત ચુકવણી પેટે તેમની બેંકનો ચેક આપેલ છે એટલે કે ફરિયાદીનું આરોપી પાસે બાકી લેણુ હતુ તે પુરવાર કરવા મુળ ફરિયાદી તરફે ફરિયાદના સમર્થનમાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે અને પ્રસ્થાપિત સિધ્ધાતો મુજબ ફરિયાદીની તરફેણમાં થવાપાત્ર અનુમાનનું ખંડન થઈ શકેલ નથી અને આરોપીએ ફરિયાદના કામે હાજર રહી પોતાનો બચાવ પુરવાર કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. હાલના કામે મુળ આરોપી તરફેની હાલની અપીલના કામની રજૂઆત તથા અપીલ અરજીની હકીકતો ધ્યાને લેતા, તેઓને માત્ર બચાવની તક આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જે સંદર્ભે ટ્રાયલ કોર્ટનું રેકર્ડ ધ્યાને લેતા, નામદાર ટ્રાયલ કોર્ટેમાં આરોપીને તા.૨૯/૧૧/૨૩ થી લઈને તા.૩૦/૧૧/૨૪ સુધી ઉલટ તપાસ માટે પુરતી તક આપેલ હોવા છતા તેનો ઉપયોગ કરી ફરિયાદીની ઉલટ તપાસ કરેલ નથી. જેથી ટ્રાયલ કોર્ટ દ્વારા તા.૦૪/૦૧/૨૫ના રોજ આરોપીનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી એફ.એસ. માટે મુદતે આપેલ પરંતુ આરોપી એફ.એસ. માટે હાજર નહી રહેતા ફરિયાદીની આંક–૧૯ની અરજી હેઠળ હુકમ કરી આરોપીનો એફ.એસ.નો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ કેસ આરોપીની દલીલ માટે રાખતા આરોપી કે તેના વિધ્વાન વકિલશ્રી દલીલ કરવા માટે હાજર રહેલ ન હોવાથી આરોપીનો દલીલનો હકક ફરિયાદીની આંક–૨૦ની અરજી હેઠળ હુકમ કરી બંધ કરવામાં આવેલ છે અને કેસ જજમેન્ટ માટે રાખવામાં આવેલ અને કેસનો આખરી નિર્ણય થયેલ છે. જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા, આરોપીને તક આપવામાં આવેલ ન હોવાની હકીકત સ્વીકારી શકાય તેમ

નથી. વધુમા મુળ આરોપીએ નામદાર ટ્રાયલ કોર્ટે બચાવની તક આપેલ ન હોવાની રજૂઆત કરેલ છે જે રેકર્ડ ધ્યાને લેતા, આરોપીને બચાવ માટે પુરતી તક આપેલાનું સ્પષ્ટ જણાય આવેલ છે. જેથી ફોજદારી કેસ ફરી ચલાવવા ટ્રાયલ કોર્ટને રીમાન્ડ કરવો જોઇએ તેમ જણાય આવે તેવા કોઇ સંજોગો, બચાવ કે પુરાવા રજૂ કરી શકેલ નથી કે, જેનાથી કંઇક અંશે તેમના બચાવની સંભવીત શકયતાઓ જણાય આવે. વધુમા આ કામે પણ એપેલન્ટ/આરોપી નીયમીત હાજર રહેલ નથી અને તેમના વકિલશ્રીએ કે અરજદાર/આરોપી હાજર રહી કેસ કાર્યવાહી ચલાવતા ન હોય, અત્રેની કોર્ટ દ્રારા જાવક નં.૪૦૦/૨૬થી તા.૦૩/૦૮/૨૦૬ના રોજ સેક્રેટરીશ્રી જીલ્લા કાનુની સેવા સત્તા મંડળને આરોપી ધણા લાંબા સમયથી હાજર રહેતા ન હોવાથી **નામદાર ગુજરાત હાઇકોર્ટની ક્રિમીનલ રીવીજન એપ્લીકેશન (અગેનસ્ટ કન્વીકશન- એન.આઇ.એકટ) નંબર ૪૬૯/૨૫ હરીશ નાનકરામ રૂપાણી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત તા.૨૪/૦૬/૨૫**ના હુકમમા પ્રસ્થાપિત કર્યા મુજબ કેસ આગળ ચલાવવા અરજદાર/આરોપીને લીગલના વકિલશ્રી ફાળવવા એમીકસ કયુરીની નિમણૂંક કરવા બાબત લેટર કરેલ જેના આધારે એમીકસ કયુરીની નિમણૂંક થઇ આવતા તેઓએ અરજદાર/આરોપી તરફે દલીલો કરેલ છે અને રેકર્ડ મુજબની હકીકતો જણાવી આરોપીને બચાવની તક મળે તે માટે કેસ રીમાન્ડ કરવા અરજ કરેલ છે.

**(૧૫.૧)** ઉપર ચર્ચા કર્યા મુજબ આરોપીએ ફરિયાદવાળો ચેક લેણી રકમની ચુકવણી અનુસંધાને આપેલ હોવાનુ સ્પષ્ટ પુરવાર થયેલ છે પરંતુ સદરહુ ચેકના નાણાં ચુકવવા પાત્ર રહેલ ન હોવા સંદર્ભે આરોપી પક્ષ તરફે કોઈ કોજન્ટ પુરાવાથી સંભવિત હોવાનું દર્શાવી શકાયેલ નથી. તે સંજોગોમાં કલમ-૧૩૯ અન્વયેનું ફરિયાદીની તરફેણમાં અનુમાન થવા પાત્ર હોય અને તેનું ખંડન થયેલ ન હોય ફરિયાદ વાળો ચેક કાયદેસરના લેણાંની ચુકવણી પેટે આપેલ હોવાનું સ્પષ્ટ પુરવાર થાય છે અને કોઈ રકમ આરોપીએ ફરિયાદીને ચુકવી આપેલ હોય તેવુ આરોપીએ આધારા પુરાવા રજૂ કરી પ્રથમ દર્શનીય રીતે બચાવ સંભવીત હોવાનું દર્શાવી શકેલ નથી. આમ, તમામ

હકિકતો ધ્યાને લેતાં, અરજદાર/આરોપી તરફે જે તકરારો બચાવમાં લીધેલ છે તે ટકી શકે તેમ નથી અને કલમ–૧૩૯ અન્વયે ફરિયાદીની તરફેણમાં થવા પાત્ર અનુમાન મુજબ તકરારી ચેક કાયદેસરની લેણી રકમની ચુકવણી માટે આપેલાનું પુરવાર થાય છે અને આરોપી તરફે તેનુ ખંડન ન થયેલાનુ સ્પષ્ટ જણાય આવે છે.

**(૧૫.૨)** ઉપરોક્ત ચુકાદો તથા કલમ–૧૩૯ના અનુમાન તથા પુરાવાના બોજા સંદર્ભે જે ચુકાદાઓ રજુ થયેલ છે તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાતોને માનસહ ધ્યાને લેતાં આ કામે આરોપી તરફે તકરારી ચેક આરોપીની સહી વાળો તથા આરોપીના ખાતાનો હોવા બાબતની તકરાર નથી અને કોઈ રકમ આરોપીએ ફરિયાદીને ચુકવી આપેલ હોય તેવો કોઇ આધાર પુરાવો રજૂ કરેલ નથી અને તેઓને કોઈ કાયદેસરનુ લેણુ ફરિયાદીને ચુકવવા પાત્ર થતુ ન હોવાનું સાબીત કરેલ નથી.

**(૧૬)** આ કામે ફરિયાદીના વિધ્વાન વકિલશ્રી ધ્વારા કરવામાં આવેલ દલીલ ધ્યાને રાખી જોવામાં આવે તો, ફરિયાદીએ આરોપીની રોકડા નાણા આપેલ છે, જે નાણાની ચુકવણી બદલ આરોપીએ ફરિયાદીને ચેક લખી આપેલ જે ચેક રીર્ટન થતા હાલની ફરિયાદ કરેલ છે. આમ, આરોપીએ પોતાની સહી કરી ફરિયાદીને ચેક આપેલ હતા તે ચેકમાં સહી કરેલ હોવાથી ફરિયાદીનુ આરોપી પાસે બાકી લેણુ નીકળતુ હતુ તેથી આરોપીએ ચેક આપેલ.

**(૧૭)** તકરારી ચેક કાયદેસરના લેણા પેટે હતો કે કેમ ? તે સંબંધે જોઇએ તો, આરોપીને નાણાની જરૂરીયાત હોવાથી ફરિયાદી પાસે મીત્રતાના સંબંધે નાણા લીધેલ હતા તે નાણાની ચુકવણી માટે ફરિયાદીને ચેક આપેલ છે, જે ચેક રીટર્ન થતા હાલની ફરિયાદ કરેલ છે. જેથી ફરિયાદીની ફરિયાદ હકીકત મુજબ પોતાનું કાયદેસરનું લેણુ પુરવાર કરેલ છે તેમજ ચેક આરોપીએ ફરિયાદીના લેણા પેટે આપેલ હતો. આંક–૧૦થી રજૂ થયેલ તકરારી ચેક

આરોપીના બેંક ખાતાના અને તેની સહીવાળા હોવા સંબંધે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું ખંડન થયેલ નથી એટલે કે તકરારી ચેક આરોપીએ આપેલ છે અને આરોપીના ખાતાનો છે ત્યારે ફરિયાદીની તરફેણમાં ધી નેગોસીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮,૧૩૯ મુજબનું અનુમાન ઉપસ્થીત થયેલ છે અને તે રીબર્ટ કરવાની જવાબદારી આરોપીની છે, જે પૂર્ણ થયેલ નથી.

(૧૮) આરોપી તરફે ફરિયાદીના બાકી લેણા પેટે જે તકરારો ઉપસ્થિત કરી શકાય તે અંગે યોગ્ય અને વાજબી તથા પુરત તક આપેલ છે છતા તે બાબતે આરોપી તરફે રેકર્ડ ઉપર કોઈ જ રીબટલ પુરાવો રજૂ કરેલ નથી અને ફરિયાદીની આરોપી પાસે ફરિયાદ વાળા ચેક મુજબની લેણી રકમ વસુલ કરવાપાત્ર નથી તેવી હકીકત આરોપી ધી નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ રીબર્ટ કરી શકેલ નથી તેવુ આ કોર્ટનું માનવુ છે. તેથી આરોપી તરફે કરવામાં આવેલ દલીલ અનુંસંધાને આરોપીને મદદ કરતો કોઈ પુરાવો પ્રીપોન્ડન્સ ઓફ પ્રોબેબલીટીના સિધ્ધાંતને આધારે રીબર્ટ કરવામાં પણ આરોપી નિષ્ફળ ગયેલાનું આ કોર્ટનું માનવુ છે.

(૧૯) આ કામે ફરિયાદીએ જે તકરારી ચેક રજૂ કરેલ છે તે આરોપીની બેંકમાં રજુ કરેલાનું જણાવેલ છે અને તે ચેક અપૂરતા ભંડોળના કારણે પરત ફરેલ હોવાનું જણાવી ચેક રીટર્ન મેમો રજુ કરેલ છે સદર ચેક રીટર્ન મેમો બેંક મારફતે આપેલ હોવાનું જણાવેલ છે અને તેના અનુસંધાને કલમ–૧૪૬ મુજબનું અનુમાન થઇ શકે તેમ હોય, આ કામે ફરિયાદીએ રજુ કરેલ ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફરેલાનું પુરવાર થાય છે. વધુમાં સદર ચેક ફરિયાદીના ખાતામાં રજૂ થયેલ હોય તેવું સ્પષ્ટ સમર્થન મળે છે, જ્યારે આરોપી તરફે સદર ચેક તેમના ખાતામાં રજૂ કરવામાં આવેલ ન હોવાનું સ્પષ્ટ રીતે પડકારેલ નથી અને ફરિયાદીએ સદર ચેક આરોપીના ખાતામાં રજૂ કર્યા વગર ફરિયાદ કરેલ હોય તેવી કોઈ તકરાર ઉઠાવી નથી કે તેવી હકીકત અંગે

સંભવિત શક્યતાઓ જણાઈ આવે તેવો પણ કોઈ પુરાવાઓ આરોપી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી વધુમાં સદર ચેક આરોપીના ખાતામાં રજૂ થયેલાનું જણાવેલ છે તે સંજોગોમાં સદર ચેક જો આરોપીના ખાતામાં રજૂ થયેલ ન હોય અને વણ ચૂકવ્યો અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ ન હોય તો તે હકીકતનું જ્ઞાન આરોપીને પોતાના એકાઉન્ટની તપાસ કરીને મળી શકે તેમ છે તેમ છતાં આરોપી તરફે તેવી કોઈ પણ હકીકત રેકર્ડ ઉપર લાવવા કોઈપણ રીતે પ્રયત્ન થયેલ નથી. વધુમાં આરોપી તરફે તે હકીકતની સંભવીત શક્યતાઓ પણ દર્શાવી શકેલ નથી.

(૨૦) ઉપરોક્ત તમામ ચર્ચા ધ્યાને લેતાં તથા કલમ–૧૩૮ વંચાણે લેતાં, આ કામે રજુ થયેલ ચેક આરોપીના ખાતાનો હોય અને તેમાં આરોપીની સહી હોય તેમજ સદરહુ ચેક આરોપીએ કાયદેસરના લેણાંની ચુકવણી પેટે આપેલાનું પુરવાર થતુ હોય તથા સદરહુ ચેકો તેની સમય મર્યાદામાં બેંકમાં રજુ થતાં આરોપીના ખાતામાં અપુરતુ ભંડોળ હોવાના કારણે પરત ફરેલ અને નિયત સમય મર્યાદામાં આરોપીને ચેક પરત ફર્યા અંગેની લેખીત નોટીશની બજવણી કરી જાણ કરવા છતાં દિન–૧૫ માં ચેકની રકમ ચુકવી આપેલ ન હોય સમય મર્યાદામાં હાલની ફરીયાદ કરેલાનું પુરવાર થતુ હોય અને ફરિયાદી તરફે રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું ખંડન થયેલ ન હોઈ, ટ્રાયલ કોર્ટે પુરાવા અને હકિકતોનું વિશ્લેષણ કરી અને પક્ષકારોની તમામ તકરારો ધ્યાને લઈ કાયદા તથા પુરાવાની વિસ્તૃત અને ઊંડાણપુર્વકની ચર્ચા કરી ચુકાદો આપેલ હોવાનું સ્પષ્ટ થતુ હોય ટ્રાયલ કોર્ટનો હાલના કામે પડકારવામાં આવેલ ચુકાદો ખોટો, ગેરકાયદેસરનો, કાયદાના સિધ્ધાંતો વિરૂદ્ધનો, ભુલભરેલો કરેલ હોવાનું જણાતુ નથી જેથી ઉપરોક્ત તમામ ચર્ચા તથા નામદાર ટ્રાયલ કોર્ટના ચુકાદાને વંચાણે લેતાં, નામદાર ટ્રાયલ કોર્ટના ચુકાદામાં કોઈ હસ્તક્ષેપ કરવો ન્યાયોચિત જણાતુ ન હોય મુદ્દા નં.૧ અન્વયેનો નિર્ણય "**નકારમાં**" આપવામાં આવે છે.

(૨૧) <u>**મુદ્દા નં. ૨ :–**</u> ઉપરોકત મુદ્દા નં.૧ના નિર્ણયો, કેસ હકીકતો નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર હાઇકોર્ટના ચુકાદાઓના તારણો ધ્યાને લઇ મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–: આખરી હુકમ :–</u>

૧. આથી, અરજદાર/આરોપી **કમલેશકુમાર શાંતીલાલ પટવા** નાઓની ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૭૪ હેઠળની હાલની ફોજદારી અપીલ અરજી **(રદ) યાને નામંજુર** કરવામાં આવે છે.

૨. આથી, વિધ્વાન ટ્રાયલ કોર્ટ એટલે કે ૧૮મા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના ફોજદારી કેસ નં.૩૬૦૬૯/૨૦૨૩થી ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે આરોપીને તકસીવાન ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને ચેકની રકમ રૂ.૫૦,૦૦૦ (અંકે પચાસ હજાર પુરા) વળતર પેટે હુકમની તારીખથી ૬૦ દીવસમા ચુકવી આપવી, જો આરોપી વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ તા.૨૯/૦૧/૨૫ના રોજ કરેલ છે તે **હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.**

૩. આથી ૧૮મા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના ફોજદારી કેસ નં.૩૬૦૬૯/૨૦૨૩, ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં આંક–૨૧થી તકસીરવાન ઠરાવતો જે હુકમ તારીખ ૨૯/૦૧/૨૦૨૫ના રોજ કરેલ છે તે **હુકમની અમલવારી માટે અરજદાર/મુળ આરોપી કમલેશકુમાર શાંતીલાલ પટવા નાઓએ તાત્કાલીક સજા ભોગવવા વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર થવું.**

૪. આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ–૩૮૯ અન્વયે અપીલ સમય સુધી આપવામાં આવેલ વચગાળાના જામીનનો હુકમ આથી

ઉઠાવી લેવામાં આવે છ. તેમજ આરોપીના બેઈલ બોન્ડ રદ ગણવામાં આવે છે.

૫. જો આરોપી વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર ન થાય તો વિધ્વાન ટ્રાયલ કોર્ટે હાલના હુકમ મુજબ સજા ભોગવવા માટે આરોપી વિરૂદ્ધ પકડ વોરંટ કાઢવુ.

૬. અપીલનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

૭. આ હુકમની યાદી આર. એન્ડ પી. સાથે સંબંધીત વિધ્વાન ટ્રાયલ અદાલતને મોકલી આપવી.

**હુકમ આજરોજ તા.૧૩મી માહે ઓગષ્ટ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.**

**તારીખ: ૧૩/૦૮/૨૦૨૬**
**સ્થળ:વડોદરા.**
બી.પી. ઝાલા

**(મોબીન અબ્દુલરશીદ ટેલર)**
**૬ઠ્ઠા એડીશનલ સેશન્સ જજ,વડોદરા.**
**કોડ નંબર જીજે.૦૦૬૭૫**

**૬ઠ્ઠા અધિક સેશન્સ જજ**
**વડોદરા**